અપીલ અરજી નં.૧૫૩/ ૦૮–૦૯ તા.૪–૯–૦૮

અરજદારઃ શ્રી સેક્રેટરી/જોઈન્ટ સેક્રેટરી મહેરનગર કો.ઓ.હા. સર્વિસ સોસા.
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

***હુકમ:–***

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સેક્રેટરી/જોઈન્ટ સેક્રેટરી મહેરનગર કો.ઓ.હા. સર્વિસ સોસા.ની તા.૧૫–૭–૦૮ની અરજીથીટી.પી.સ્કીમનં.૧૦(અડાજણ) ફા.પ્લોટ નં.૨૦ સબ પ્લોટ નં.૧ થી ૪ ના લેઆઉટ પ્લાન વિ. મુદ્દા નં.૧ થી ૬ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૫૩/૨૦૦૮–૦૯

શ્રી સેક્રેટરી/જોઈન્ટ સેક્રેટરી મહેરનગર કો.ઓ.હા.સર્વિસ સોસા.ની તા.૧૫–૭–૦૮ ની અરજીથી ટી.પી.સ્કીમ નં.૧ ૦(અડાજણ) ફા.પ્લોટ નં.૨૦ સબ પ્લોટ નં.૧ થી ૪ ના લેઆઉટ પ્લાન વિ. મુદ્દા નં.૧ થી ૬ની માહિતી આપવા બાબતે અરજદારે અપીલમાં પત્ર નં.ટીડીઓ/૧૮૯૭ તા.૧૪–૮–૦૮ થી આપેલ જવાબમાં ઉલ્લેખ કરી મુદ્દા નં.૧ અને ૨ અંગે મળેલ માહિતીથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૨૧ તા.૧૦–૯–૦૮થી ડાયરેકટર ઓફ પલાનીંગ અને જાહેર માહિતી અધિકારી ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ઈ.ચા. શહેર વિકાસ અધિકારી અને મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.ટીડીઓ/૨૬૮૦ તા.૧૮–૯–૦૮ થી અત્રેના વિભાગને પૂરક માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારને માંગ્યા મુજબની માહિતી નં.ટીડીઓ/૧૮૯૭ તા.૧૪–૮–૦૮ થી પૂરી પાડેલ છે જેમાં અરજદારે મુદ્દા નં.૧ માં ચોકકસ કયા સર્વે નંબરમાં નિશ્ચિત પ્લોટ આવેલ છે તેની વિગત માંગેલ તે અનુસાર માહિતી અપાયેલ નથી. તથા તે મુજબ નહીં આપવા અંગે કોઈ અપવાદ કે દફતરી વિગત જણાવેલ નથી. જયારે મુદ્દા નં.૨ માં દરેક પ્લોટનો કોર્પોરેશનના દફતરે એપ્રુવ પ્લાન મુજબ વિસ્તારની માંગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને નં.ટીડીઓ/૨૫૧૨ તા.૧૧ –૯–૦૮ થી કરેલ સ્થળ તપાસની નકલ પૂરી પાડવામાં આવેલ છે અને અરજદારને નકલ પૂરી પાડયાની પહોંચ પણ રજૂ કરેલ છે. તેમજ મુદ્દા નં.૨ માં ઉપલબ્ધ મંજુર પ્લાન તથા રેવન્યુ બેકર્ડ મુજબ સબ પ્લોટ વાઈઝ વિસ્તાર દર્શાવેલ છે તેમજ કુલ વિસ્તાર પણ દર્શાવેલ છે. અરજદારે અપીલમાં મુદ્દા નં.૨ અંગે અધૂરી માહિતી સબંધમાં અપીલના તબકકે કોઈ આધાર રજૂ કરેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારનીતા.૧૫–૭–૦૮ની અરજીથી માંગ્યા મુજબ પૈકીની મુદ્દા નં.૧ ની નહીં પૂરી પાડેલ નિર્દિષ્ટ પ્લોટ ચોકકસ કયા સર્વે નંબરમાં આવેલ છે તે અંગેની માહિતી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ વિના મૂલ્યે અરજદારને પૂરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને જણાવવામાં આવે છે.

અરજદારને તા.૧૪–૮–૦૮ ના પત્રથી આપેલ નિયત દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવી લેવા જણાવતાં પત્ર અંગે સ્પષ્ટપણા આ બે મુદ્દા સિવાય કોઈ વિવાદ ઉત્પન કરેલ ન હોઈ તે બાબતે હુકમ કરવાનો રહેતો નથી. જાહેર માહિતી અધિકારી સામે કાર્યવાહી હાથ ધરવાની સત્તા આરટીઆઈ એકટની કલમ–૨૦ હેઠળ માત્ર આયોગને હોઈ અત્રેથી તે અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી, ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સેક્રેટરી/જોઈન્ટ સેક્રેટરી મહેરનગર કો.ઓ.હા. સર્વિસ સોસા.,